**રે.મુ.નં.૪૭/૨૦૧૫**

**આંક–૨૧ ની અરજી નીચે હુકમ**

(૧) સદર કામે વાદીએ હાલની અરજી આપી મુખ્યત્વે એવી હકીકત જણાવેલી છે કે, સદર દાવાવાળી મિલકતનો વેચાર દસ્તાવેજ રદ કરાવી લેવા તેમજ હકક સ્થાપન તથા કાયમી તાકીદ મેળવવા માટે હાલનો દાવો દાખલ કરેલ છે અને સદર ચાલુ દાવાના કામે દાવાવાળી મિલકતની સ્થળ સ્થિતિની તપાસ કરવા માટે સદર મિલકતના રેવન્યુ રેકર્ડના જરૂરી ઉતારા કઢાવેલ હતા, જે જોઈને ચોંકી ઉઠેલા. હાલના પ્રતિવાદીએ સદર દાવાવાળી મિલકતમાં તેમના પુત્રો અજીત વેદાનંદ તથા નિલેશ વેદાનંદના નામ સહ માલિક તરીકે દાખલ કરાવી દીધેલા છે. આમ પ્રતિવાદીએ મિલકતના રેવન્યુ રેકર્ડમાં તેમના પુત્રોના નામ ગેરકાયદેસર રીતે દાખલ કરાવેલા છે. વધુમાં વાદીએ એવી હકીકત જણાવેલી છે કે, વાદીઓના હકક બાબતે તકરારો પેન્ડીંગ છે અને તેમ છતાં પ્રતિવાદીએ તેમના પુત્રોના નામ સહ માલિક તરીકે દાખલ કરાવેલ છે. જેથી મિલકતમાં વાદીનુ નામ તબદીલ થતા નથી તેના કારણે દાવો દાખલ કરેલાનુ પણ મલ્ટી પ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્સ થયેલ છે. હાલના કામે જરૂરી પક્ષકાર છે. જેથી તેઓને પ્રતિવાદી નં.ર અને ૩ તરીકે દાખલ કરી પક્ષકાર તરીકે જોડવા અત્યંત જરૂરી છે. જેથી હાલની અરજ ગુજારેલ છે. સદર ઈસમોને પ્રતિવાદી તરીકે દાખલ કરવાથી દાવાના સ્વરૂપમાં કોઈ ફેરફાર થાય તેમ નથી. તેમજ પ્રતિવાદીના કહેવાતા હકકને કોઈ નુકશાન થાય તેમ નથી.

(૨) સદર કામે પ્રતિવાદી તરફે વાદીનો ઉપરોકત અરજીનો લેખિત જવાબ આંક–૩૦ થી રજુ કરી મુખ્યત્વે એવી હકીકત જણાવેલી છે કે, વાદીની હાલની અરજી કાયદા વિરૂધ્ધની હોય, વાદીએ હાલની અરજીમાં જે દાદ માંગેલી છે તેવી દાદ પ્રતિવાદી વિરૂધ્ધ મળવાપાત્ર નથી અને વાદીની સદર અરજીની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરી એવી હકીકત જણાવેલ છે કે, દાવાવાળી મિલકત પ્રતિવાદીઓએ વાદી મણીલાલ ધુળાભાઈ પટેલની માલિકી કબજા ભોગવટાની દાવા વાળી જમીનનો પુરતો અવેજ ચુકવીને રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે અને પ્રતિવાદીના એકલાના નામે રજીસ્ટર વેચાણ દસ્તાવેજ થયેલ છે. વાદીને હાલનો દાવો દાખલ કરવાનુ કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી. માત્ર પ્રતિવાદીને હેરાન પરેશાન કરવા માટે હાલનો દાવો દાખલ કરેલ છે. સદર સુધારો મંજુર કરવાથી તેમના દાવાના સ્વરૂપમાં તફાવત પણ પડતો

નથી. તેમજ પક્ષકારોને વાદીની અરજના સ્વરૂપમાં વાંધો નથી. જેથી હાલની અરજી ખર્ચસહ રદ કરવા જણાવેલ છે.

(૩) આમ ઉપરોકત બંને પક્ષકારોને તથા વિ.વ.શ્રીની રજુઆત ઘ્યાને લીધી તથા દાવાનુ રેકર્ડ ઘ્યાને લેતા, સદર કામે પ્રતિવાદીએ તેમના પુત્રોના નામ દાવાવાળી મિલકતમાં વારસદાર તરીકે નામ દાખલ કરાવેલ હોય, સદર પ્રતિવાદીના પુત્રને દાવાના કામે પક્ષકાર બનાવવા વાદીએ હાલની અરજ દાખલ કરેલ છે. પ્રતિવાદી તરફે રજુ થયેલ જવાબની હકીકતો ઘ્યાને લેવામાં આવે તો પ્રતિવાદીએ સદર દાવાવાળી જમીન રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણ લીધેલ હોવાનુ પ્રતિવાદી કબુલ રાખે છે. પરંતુ વાદી તરફે મુખ્યત્વે હાલનો દાવો સદર રજીસ્ટર વેચાણ દસ્તાવેજ રદ કરાવી લેવા અને હકક સ્થાપન તથા કાયમી તાકીદ મેળવવા માટે દાખલ કરેલ છે. તેમજ સદર દાવાવાળી મિલકતમાં વાદીઓનો સંયુકત માલિકી તરીકે હકક અધિકાર સમાયેલો છે. તેમજ પ્રતિવાદીઓ વાદીઓના માલિકી કબજા ભોગવટામાં હરકત કરવાનો પ્રયત્ન કરશે તેવી દહેશતના કારણે હાલનો દાવો કરેલ છે. આમ ઉપરોકત દાવાવાળી મિલકત બાબતે વાદી પ્રતિવાદી વચ્ચે હાલનો દાવો દાખલ કરેલ હોય અને તકરાર ઉપસ્થિત થયેલ હોય, સદર દાવો હાલ આંક–૫ ની સુનાવણી માટે પેન્ડીંગ હોય તેમજ વાદી પોતાના દાવામાં મુખ્યત્વે સદર વેચાણ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા માટે દાદ માંગેલી હોય અને સદર દાવાનો ન્યાયીક નિર્ણય થયેલ ન હોય અને ન્યાયીક કાર્યવાહી અત્રેની કોર્ટમાં પેન્ડીંગ હોય તે દરમ્યાન પ્રતિવાદીએ તેઓના પુત્રના નામ વારસાઈ હકકે સદર દાવાવાળી મિલકતના રેવન્યુ રેકર્ડમાં દાખલ કરાવેલ છે. જે ઉપરોકત હકીકતો ઘ્યાને લેતા સદર દાવાવાળી મિલકતનો માલિકી કબજો કોનો છે તે હકીકત સદર અરજીમાં નિર્ણિત કરવાની નથી. પરંતુ, સદર દાવાની ન્યાયીક કાર્યવાહી દરમ્યાન પ્રતિવાદીએ તેમના પુત્રોના નામ વારસાઈ હકકે સદર દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં દાખલ કરાવેલ હોય, આ તબકકે વાદીએ હાલની અરજીમાં જણાવેલ પ્રતિવાદીના પુત્રોના નામ પક્ષકાર તરીકે દાખલ કરવામાં આવે તો ભવિષ્યમાં અત્રેની કોર્ટથી કોઈપણ હુકમ થાય તો તે હુકમ સદર દાવાવાળી મિલકતમાં જે વ્યકિતઓના નામ ચાલતા હોય, તે તમામ વ્યકિતઓને બંધનકર્તા થાય તે મુજબ ભવિષ્યમાં મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીગ્સ ઉભા ન થાય તેમજ દાવામાં થયેલ હુકમ કે હુકમનામા સંબંધે યોગ્ય કાર્યવાહી થઈ શકે તેવુ અત્રેની અદાલતનુ માનવુ હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે

મુજબનો હુકમ ફરમાવું છું.

**<u>-:: હુ ક મ ::-</u>**

વાદીની આંક-૨૧ ની અરજી મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૫ મી માહે જુલાઈ સને ૨૦૧૭ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ.૨૫/૦૭/૨૦૧૭
પાદરા.
JSR

**(નિર્મલસિંહ અર્જુનસિંહ ગઢવી)**
પ્રિન્સીપાલ સીવીલ જજ,પાદરા.
કોડ નં.જી.જે.૦૧૧૪૧.